Virtual Schools

**માર્ચ 2021**

## TDSB વર્ચ્યુઅલ પ્રાથમિક શાળા પારિવારિક સમાચારપત્ર

વર્ચ્યુઅલ શાળાના સમાચારપત્રના માર્ચ 2021ના અંકમાં તમારું સ્વાગત છે. અમે આશા રાખીએ છીએ કે આ માસિક પ્રકાશન તમને માહિતી અને અપડેટ્સનો સારો સ્રોત લાગી રહ્યું હશે, જે ફક્ત વર્ચ્યુઅલ સ્કૂલમાં જ નહીં પરંતુ સમગ્ર TDSBમાં શું થઈ રહ્યું છે તેના વિશે માહિતગાર રહેવામાં સહાય કરે છે.

તમે જાણો છો એમ, શિક્ષણ મંત્રાલયે માર્ચ બ્રેકમાં વિલંબ કર્યો છે તેથી હવે અમે 12 થી 16 એપ્રિલ સુધીના આગામી વિરામની રાહ જોઈ રહ્યા છીએ. અમે આશા રાખીએ છીએ કે તમામ વિદ્યાર્થીઓ અને પરિવારો થોડા સમયનો આનંદ માણશે, કારણ કે દરેક જણ માટે આ એક વ્યસ્ત અને પડકારજનક વર્ષ રહ્યું છે. વધુ માહિતી અને અદ્યતન વિગતો માટે કૃપા કરીને www.tdsb.on.ca/virtualschool ની મુલાકાત કરો અને ટવીટર પર @tdsbvs ને અનુસરો.

## COVID સંવત્સરી દરમિયાન માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીને મદદ કરવી

11મી માર્ચના અઠવાડિયે વૈશ્વિક મહામારી COVID-19 ની સંવત્સરી હતી, જેણે આપણા જીવનને કાયમ માટે બદલી નાખ્યું છે. તે એક પડકારજનક વર્ષ રહ્યું છે અને આપણે ભારે અનિશ્ચિતતા અને જબરદસ્ત ફેરફારોનો સામનો કરવો પડ્યો છે. મહામારીએ જુલમ વિરોધ વિશે સમીક્ષાત્મક સંવાદ કરવાની સામાજિક અસમાનતાઓ પર પ્રકાશ પાડ્યો છે. જો કે અમે રોગચાળાના માનસિક તણાવ અને બોજને ઓળખીએ છીએ, તેમ છતાં અમે શક્તિઓ, સમુદાયના નિર્માણ અને આપણી દ્રઢતાને પણ જાણીએ છીએ.

ભણતરના ફેરફારો અને પડકારોનું આપણાં બાળકો માટે જે પરિણામ આવ્યું છે તે આપણને એ ચિંતન કરાવે છે કે આપણે કેવી રીતે આવા સમયમાં સ્થિતિસ્થાપકતા, કરુણા અને એક બીજાની તથા પોતાની સંભાળ રાખવાને લીધે ટકી રહ્યા છીએ.

શિક્ષણના નિયામક અને સહાયક નિયામકોના સંપૂર્ણ સંદેશાઓ વાંચો Read the full message from the Director of Education and Associate Directors.

## સ્મૃતિપત્ર: માર્ચ બ્રેકની તારીખોમાં ફેરફાર

શિક્ષણ મંત્રાલયે માર્ચ બ્રેકમાં વિલંબ કર્યો છે. એ બ્રેક હવે એપ્રિલની **12 થી 16, 2021** છે.

## ડિરેક્ટરનો વાર્ષિક અહેવાલ

ડિરેક્ટરનો વાર્ષિક અહેવાલ 2020 ગત વર્ષે સમગ્ર TDSB માં થયેલા મહત્વપૂર્ણ કાર્ય અને 'મલ્ટિ યર સ્ટ્રેટેજિક પ્લાન' – બહુવિધ વર્ષ વ્યુહાત્મક આયોજન -ની થયેલી પ્રગતિ પર પ્રકાશ પાડે છે. રિપોર્ટ ઓનલાઇન વાંચો Read the report online.

## નવી આઉટડોર લર્નિંગ વેબસાઇટ

સલામત રીતે બહાર નીકળવું હવે પહેલા કરતા વધારે મહત્વનું છે. વિદ્યાર્થીઓને, પરિવારો અને સ્ટાફને સલામત અને શૈક્ષણિક રીતે બહારથી વધુને વધુ મદદ કરવામાં સહાય માટે, TDSBએ નવી આઉટડોર લર્નિંગ વેબસાઇટ શરૂ કરી છે.
નવી વેબસાઇટ આજે જ જુઓ! Explore the new site today!

## TDSB વાતચીત શ્રેણી

પરિવારોને એવા વિષયો પરની આકર્ષક અને માહિતીપ્રદ વાતચીતોની શ્રેણીમાં જોડાવા આમંત્રણ આપીએ છીએ જેના વિશે અમને ખબર છે કે તમે વધુ જાણવા માંગતા હોવ છો. અગ્રણી નિષ્ણાતો પાસેથી સાંભળો અને ઓનલાઇન પ્રશ્નો અને જવાબનાં સત્રોમાં ભાગ લો.
હવે આવી રહેલાં સત્રોની તારીખો અને વિગતો Dates and details about upcoming sessions.

## ટોરન્ટો પબ્લિક હેલ્થ (TPH) રસીની અદ્યતન માહિતી

ટોરન્ટો શહેરમાં રસીકરણનું આયોજન જ્યારે આગળ વધતું જાય છે ત્યારે, વધુ જાણકારી માટે કૃપા કરીને TPH વેબસાઇટની મુલાકાત લો visit the TPH website

## માનવ અધિકારો - વાર્ષિક અહેવાલ

TDSB એ તાજેતરમાં પોતાનો સર્વપ્રથમ માનવ અધિકારો વાર્ષિક અહેવાલ બહાર પાડ્યો. તે અહેવાલ વાંચવા, કોઇ બનાવ નોંધાવવા, નીતિઓ તથા પ્રક્રિયાઓ જાણવા અને કોઇ પ્રશ્ન-જવાબ વાંચવા, હ્યુમન રાઇટ્સ વેબસાઇટની મુલાકાત કરો

## TDSB ઉજવે છે ગ્રીક હેરિટેજ મહિનો

ટોરન્ટો ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડમાં માર્ચ એ ગ્રીક હેરિટેજ મહિનો છે. આ કેનેડામાં ગ્રીક કેનેડિયનોની સિદ્ધિઓ અને યોગદાનોને ઓળખવાની અને તેને ઉજવવાની એક તક અને ગ્રીક સંસ્કૃતિની નોંધ લેવાનો અને ગ્રીક સંસ્કૃતિને માણવાનો પ્રસંગ હોય છે. વધુ જાણો

આ વર્ષની થીમ છે:
**1821-2021**
**સ્વતંત્રતા અને એકતા – Ελευθερία και Ενότητα**
**આપણા ભૂતકાળમાંથી શીખીએ... ભાવિને ઘડીએ**

## ગ્રેડ 8 કોર્સની પસંદગી

વિદ્યાર્થીઓએ સમગ્ર જાન્યુઆરી અને ફેબ્રુઆરી દરમિયાન શાળા-વર્ષ 2021/2022 માટેના પોતાના અભ્યાસક્રમની પસંદગી કરી. આ પ્રક્રિયા દરમિયાન તમારી મદદ માટે અમે પરિવારોનો આભાર માનીએ છીએ. પ્રશ્નો હોય તો વર્ચ્યુઅલ લર્નિંગ સેન્ટરના ગ્રેડ 8 માટે જવાબદાર હોય એ વાઇસ પ્રિન્સિપાલનો સંપર્ક કરશો.

## વર્ચ્યુઅલ સ્કૂલના વિદ્યાર્થીઓ માટે ગ્રોસરી કાર્ડ્સ

ભોજનની અસલામતી, ખાસ કરીને COVID -19 દરમિયાન, ઘણા TDSB પરિવારો માટે હજી પણ એક વાસ્તવિકતા છે અને ટોરન્ટો ફાઉન્ડેશન ફોર સ્ટુડન્ટ્સ સક્સેસ (TFSS) જરુરિયાતમંદ વિદ્યાર્થીઓને મદદ કરવાનું ચાલુ રાખ્યું છે અને વર્ચ્યુઅલ રીતે ભણતા વિદ્યાર્થીઓ માટે $50નાં 17,000 ગીફ્ટ કાર્ડ નિધિબદ્ધ કર્યાં અને ટપાલથી મોકલ્યાં. સમુદાયોની પ્રાથમિકતા, ફુડ ફોર કિડ્સ (FFK) પહેલ મારફત ઓળખાયેલા વિદ્યાર્થીઓ અને પોતાની આવશ્યકતાઓ વિશે સ્વયં ઓળખાયેલાઓ દ્વારા, નિર્ધારિત કરવામાં આવી હતી. TFSS વર્ચ્યુઅલ સ્કૂલ્સ (નાણાં ઉપલબ્ધ હશે તો) મે માસના અંત સુધી મદદ કરવા અને સમર સ્કૂલના માધ્યમિક વિદ્યાર્થીઓના પ્રાથમિકતાવાળા સમુદાયો માટે મદદ પ્રાપ્ત કરવા કામ કરી રહ્યું છે. જ્યારે TDSB શાળાઓ ખુલ્લી હોય છે ત્યારે TFSS શાળામાં સ્ટુડન્ટ ન્યુટ્રિશન પ્રોગ્રામ્સને મદદ કરવાનું પણ ચાલુ રાખે છે.

## માતાપિતા/સંભાળ લેનાર અને સમુદાય સ્વયંસેવક પ્રક્રિયા

આપણી પાસે પરિવાર સમુદાયમાં નિપુણતા અને સંસાધનોનો ખજાનો છે. કેટલાંક માતાપિતા/વાલીઓએ વર્ચ્યુઅલ સ્કૂલના વર્ગખંડોમાં મદદ કરવામાં રસ દેખાડ્યો છે. જેમ રૂબરૂ શાળામાં હોય છે એમ, સ્વયંસેવકોએ વિદ્યાર્થીઓ સાથે કામ કરતાં અગાઉ 'ક્લિયર્ડ' પોલીસ ચેક અચૂક પૂરું પાડવાનું હોય છે. જો તમે સ્વયંસેવક સેવામાં રસ ધરાવતા હો તો કૃપા કરીને આ ફોર્મ સંપૂર્ણ ભરો:

Parents/Caregivers and Community Volunteers

આ ફોર્મમાં તમને લર્નિંગ સેન્ટર, તમારા બાળકનો ક્લાસ કોડ અને શિક્ષકનું નામ જણાવવા પૂછવામાં આવે છે. જો તમારી પાસે આ માહિતી ન હોય, તો તમારા બાળકના શિક્ષકને પૂછશો.

આ ફોર્મમાં પુષ્ટિ કરવા અને માન્ય પોલીસ રેફરન્સ ચેક અંગેની માહિતી પૂરી પાડવા જણાવતો પ્રશ્ન સામેલ હશે. જો અરજી વિશે તમારા કોઈ પ્રશ્નો હોય, તો તમારે પોલીસ રેફરન્સ ચેક (પીઆરસી) ઓફિસનો સંપર્ક 416-393-0759 પર અથવા ઇમેઇલ PoliceReferenceCheckOffice@tdsb.on.ca પર કરવો જરૂરી બનશે.

જો PRC ની કિંમત ($ 20) સરભર કરવા માટે તમારે નાણાંકીય સહાયની જરૂર હોય, તો કૃપા કરીને ખર્ચમાં સબસિડી આપવા માટે તમારી રૂબરૂ શાળાના આચાર્ય સાથે વાત કરો. વૈકલ્પિક રીતે, તમે પેરેન્ટ એન્ડ કોમ્યુનિટી એન્ગેજમેન્ટ ઓફિસનો સંપર્ક 416-397-3529 પર કરી શકો છો.

જો તમારા કોઈ પ્રશ્નો હોય, તો કૃપા કરીને તમારા લર્નિંગ સેન્ટરના આચાર્ય સાથે સંપર્ક કરો.

Virtual Schools

માર્ચ 2021

## સામુદાયિક સંલગ્નતા: સંવાદાત્મક વેબીનાર્સ

સમગ્ર માર્ચ દરમ્યાન, એલિમેન્ટરી વર્ચ્યુઅલ સ્કૂલે પરિવારો અને સમુદાયના સભ્યો માટે વેબિનાર્સ રાખ્યા હતા, જેમાં નીચેના મુદ્દાઓ સામેલ હતા:

- વર્ચ્યુઅલ દુનિયામાં પરવરિશ: મનોવૈજ્ઞાનિકો, સામાજિક કાર્યકરો અને શાળા વહીવટદારો દ્વારા સમર્થિત એક સંવાદાત્મક સત્ર
- ઇન્ટરનેટ સુરક્ષા: તમારા બાળકને ઓનલાઇન કેવી રીતે સુરક્ષિત રાખવું
- કિશોરવયનું માનસિક સ્વાસ્થ્ય

હવે પછીના સંવાદાત્મક વેબીનાર માટે **બુધવાર,7 એપ્રિલના રોજ, સાંજે 7 વાગ્યે** અમારી સાથે જોડાવ. તેમાં સ્ક્રિન ટાઇમ મેનેજ કરવા, ઉત્પાદક ઓનલાઇન સાધનોને ઓળખવા અને બાળકોને તેમના ઓનલાઇન સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં સહાય કરવા જેવા વિષયો સામેલ હશે.

વ્યસની કે શક્તિશાળી? તમારા બાળકના ઓનલાઇન શિક્ષણને કેવી રીતે મદદ કરવી.

## TDSB પેરેન્ટ એકેડેમી – એપ્રિલનું સમયપત્રક

### મંગળવાર, માર્ચ 30, 2021 સાંજે 6:30 કલાકે જાતિભેદ-વિરોધી શ્રેણી: આપણી શાળામાં નિષ્પક્ષતાની સ્થિતિ કેવી છે?

આપણી શાળાઓમાં નિષ્પક્ષતાની સ્થિતિ કેવી છે એ તપાસો; નિષ્પક્ષતાના લક્ષ્યાંકોની અને શાળા સુધારણાના આયોજનની ચર્ચા કરો.

### મંગળવાર, એપ્રિલ 27, 2021 સાંજે 6:30 કલાકે

### સુક્ષ્મ આક્રમણો અને માનવ અધિકારોનાં ઉલ્લંઘનો સામે કેવી રીતે વ્યવહાર કરવો

જુલમ સામે વ્યવહાર કરવાની વ્યૂહરચનાઓ, અમે સુક્ષ્મ આક્રમણો અને માનવ અધિકારોના ઉલ્લંઘનો સામે કેવી રીતે વ્યવહાર કરવો તેની ચર્ચા કરીએ છીએ.
વધુ જાણકારી Parent Academy નીચે tsdbHUB.ca પર મેળવો.

## નિરંતર ચાલતું વ્યાવસાયિક શિક્ષણ

વિદ્યાર્થીઓને રોકાયેલા રાખવા અને ઊંડાણભર્યા શિક્ષણને પ્રોત્સાહિત કરવા, શિક્ષકો ડિજિટલ પ્લેટફોર્મ્સ અને તેનાં સાધનોનો ઉપયોગ કરવાની પદ્ધતિઓના પોતાના જ્ઞાનને ઊંડું કરવા વ્યાવસાયિક શિક્ષણમાં રોકાયેલા રહેવાનું ચાલુ રાખી રહ્યા છે.

વ્યાવસાયિક શિક્ષણના વિષયોનાં કેટલાંક ઉદાહરણો અને માર્ચ માસનાં સત્રોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- માર્ગદર્શનવાળા વાંચનની વ્યૂહરચનાને રોજીંદા આચરણમાં એકીકૃત કરવાની ક્ષમતા વિકસાવવી
- ગૂગલ એજ્યુકેશન સર્ટિફિકેશનમાં ભાગ લેવો
- વર્ચ્યુઅલ મેળાઓમાં ભાગ લેવો: પ્રોગ્રામ્સને ટેકો આપવા માટે અને વિદ્યાર્થીઓના અવાજને બહાર લાવવા માટે તથા ડિજિટલ સજ્જતાને પ્રોત્સાહિત કરવા ઓનલાઇન સાધનો શોધવાં
- ગણિત નેતૃત્વ ટીમ: સતત વિકાસશીલતાનો ઉપયોગ કરીને અને ગણિતની વિચારસરણીને ધ્યાનમાં લઈને તથા નામકરણ કરીને ભણાવવાની અન્ય શ્રેષ્ઠ સહાયતાઓ પૂરી પાડવી

## વર્ચ્યુઅલ શાળાઓના સ્ટાફની ફોન નિર્દેશિકાઓ

સરળ સંદર્ભ માટે 'વર્ચ્યુઅલ સ્કૂલ એડમિનિસ્ટ્રેટિવ ટીમ'ની ફોન નિર્દેશિકાઓ નીચે આપી છે. દરેક લર્નિંગ સેન્ટરમાં આચાર્યો અને ઉપ-આચાર્યો ગ્રેડ પ્રમાણે નિયુક્ત કરવામાં આવ્યા છે.

Learning Centre 1 Virtual Elementary School
Learning Centre 2 Virtual Elementary School
Learning Centre 3 Virtual Elementary School
Learning Centre 4 Virtual Elementary School